Barcode - 99999990815056
Title - Pavitra Veddharmano Prakash Ane Pirana Satapanthnan Pakhaand.
Subject -
Author -
Language - gujarati
Pages - 18
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

ॐ

" सत्यान्नास्ति परो धर्मः। "

# પવિત્ર વેદધર્મનો પ્રકાશ;

અને

# પીરાણા સતપંથનાં પાખંડ!

સૈયદ બાવા સાહેબ અહેમદઅલિ ખાકી

ના

પ્રેમ ઉદ્ગારનો સ્નેહ-સત્કાર!

તથા

સત્યશોધક ધર્મબંધુઓને વિજયમાળ!

" धर्मस्य त्वरिता गतिः ॥"

લેખક અને પ્રકાશક—
પટેલ નારાયણજી રામજીભાઇ કોન્ટ્રેકટર,
(કચ્છ વીરાણીવાળા) હાલ ઘાટકોપર (થાણા)

મૂલ્ય—
નિષ્પક્ષપાત ન્યાય અને સત્યનું શોધન

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી અનાવિલબંધુ
પ્રીન્ટીંગ પ્રેસમાં ગોવિંદજી ડાહ્યાભાઇ નાયકે છાપ્યું

વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
1 કૉપીરાઇટ સંગ્રહ
૭ પ્રતી : ૯

સઘળા સત્યશોધક અને સત્યપ્રેમી સજ્જનોને—

# આ ઉલ્લેખનું ઉદ્દેશદર્શક નિવેદન.

૧૨૨૪૯

પૂજ્ય સ્વધર્માભિમાની આર્યબંધુઓ! ઇશ્વરી 'સત્ય' ને ચાહનારા સજ્જનો! તથા વ્હાલા [illegible]ની કડવા પાટીદાર ભાઇઓ!

આ ચર્ચાત્મક લેખ આપની સેવામા હાજર કરતી વખતે, આપ સર્વને સવિનય નિવેદન કરવાનુ કે, પરમકૃપાળુ પરમાત્મા અને પવિત્ર માતાજી ગંગાજીને પ્રતાપેજ આ બરાબર વખતસરની ચર્ચા ઉભી થઇ છે, માતા ગંગાજીની કૃપાથીજ બનાવટી ગંગાનુ નવુ પાખંડ ઉભુ કરવાનો પીરાણા સતપંથી કાર્યવાહકોને મ્હાનો મ્હડી આવ્યો છે! કહેવત છે કે, ઘો જ્યારે મરવાની થાય ત્યારેજ વાઘરી વાડે જાય છે! અને માણસ જ્યારે મોતની નજીક આવે ત્યારેજ તેની બુદ્ધિ બગડી જાય છે! બીજી કહેવત છે કે, "વિનાશકાળે વિપરિત બુદ્ધિ!" એ ન્યાયે પીરાણાના પુન્યો પરવારેલાં હોવાથી તેમને આવુ એક [illegible] પાખંડ ઉભુ કરવાનો હાલ ઉભરો મ્હડી આવ્યો છે! એ પાખંડી પીરાણા "સતપંથ" ની જાળમા અજ્ઞાન કે અંધશ્રદ્ધાથીજ પૂર્વના પાપે ફસાઇ ગયેલા બિચારા ભોળા હિંદુભાઇઓને જાગૃત કરવા માટે, અને પવિત્ર હિંદુજનતાને એ જીંદ-પાશમાથી છોડાવવા માટેજ કલિમહારાજે એ પાખંડીઓને કુબુદ્ધિ સુઝાડેલી જણાય છે એથીજ આજે સત્યધર્મ તેમજ સત્ય કર્મને શોધવા તેમજ ઓળખી લેવાનો, લાગતા વળગતા સર્વ ભાઇઓને આ ઉત્તમ પ્રસંગ અને મોનેરી સમય પ્રાપ્ત થયો છે પરમાત્મા આપણુ સર્વને તેનો લાભ લેઇ લેવાની સુબુદ્ધિ આપો—

વિશેષ અમારી ખાત્રી છે કે આ મહત્વની ચર્ચાથી પ્રપંચીઓના પાપ અને પીરાણાના પોગળ પ્રકાશમા આવશે, અને કાવત્રા બાજોની કપટજાળમાથી અમારા ઉદાર અને ભલા-ભોળા કડવા પાટીદાર બધુઓ હમેશને માટે છૂટા થશે અમારી એ માન્યતા પ્રમાણે જો આ પ્રયત્નથી અમારી જ્ઞાતિ એ મહાપાતકમાથી મુક્ત થશે, તો આપણુ સૌને હજારો ગાય છોડાવ્યાનુ અને પવિત્ર હિંદુ ધર્મનુ વખતસર રક્ષણુ કરવાનુ મહાન્ પુણ્ય પ્રાપ્ત થશે

આ વખતે મ્હારે તો એ પ્રપંચી લોકોનો પણુ ખાસ આભાર માનવો જોઇએ, કે જેમણે પીરાણામા ગંગાજી પ્રગટ થવાની ગપથી આ અમૂલ્ય પ્રસંગ અમને મેળવી દીધો છે, અને દયાળુ પરમાત્મા પણુ જે કંઇ કરે છે, તે જગતના કલ્યાણુ માટે તેમજ અજ્ઞાન લોકોને સત્ય સમજાવવા માટેજ કરે છે-એટલે આ ચર્ચાનો વિષય અમને તો આજે અહોભાગ્યથીજ પ્રાપ્ત થયો હોય, એમ લાગે છે-

અને આપ સર્વ આત્મબંધુઓને પણુ શરૂઆતમા મ્હારી નમ્રતાપૂર્વક ખાસ વિનંતી છે કે, હિંદુ જાતિની આ મહાન્ સેવાના તેમજ અમારી વિશાળ કડવા પાટીદાર જ્ઞાતિના ઉદ્ધારના આ મહત્વના સવાલની રસભરી ચર્ચામા આપ સર્વ જોઇતો પણુ રસપૂર્વક ભાગ લઇને ધર્મ--સેવાનો અને આત્મ-કલ્યાણુનો મહાન્ લાભ ઉઠાવો, તેમજ આ ચર્ચા સબંધી આપમાથી કોઇને જે કંઇ શંકા રહેતી હોય, કે સૂચના આપવી યોગ્ય જણુાતી હોય, તે શુદ્ધ હ્રદયથી મને આપીને આ ધર્મ અને જ્ઞાતિ સેવકને આભારી કરશોજી

હુ છુ આપ સર્વનો શુભચિન્તક સેવક,
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રેક્ટર
(કચ્છવીરાણીવાળા)-ઘાટકોપર

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]
अनुक्रमांक १२२४५ वर्गांक
पुस्तकनु नाम ભારતના સ્વાતંત્ર્યના પાયાં
विषय ५७ पी · १

## ૩

# પવિત્ર વેદધર્મના ખરા વિરોધી કોણ ?

## અને

# "સતપંથ" નામધારી બનાવટી વેદધર્મનો પોગળપ્રકાશ !

### પીરાણા " સતપંથ " માં છુપાએલુ હલાહલ ઝેર !

**આ લેખ બરાબર ધ્યાનપૂર્વક વાચવાથી આપને સ્પષ્ટ સમજાશે કે,—બાવા ઇમામશાહે** ચલાવેલો, પીરાણા સતપંથ, એજ સાચો વેદ ધર્મ હોય, એવો ખોટો ડોળ ઘાલીને એ કબ્રસ્તાની મામદા હિંદુ પંથવાળા કેટલાક સૈયદો અને કાકાઓ વગેરે અર્ધદગ્ધ લોકો, ભોળા હિંદુઓને કેવી રીતે ઠગે છે, વટલાવે છે અને ઉંધે માર્ગે દોરી જાય છે, તેની અનેક વખત વિસ્તારથી પ્રપંચ પોલો ઉઘાડીને, અમે કેટલાક લેખો અને પુસ્તકો આજ સુધી પ્રકટ કર્યાં છે, માત્ર એટલુંજ નહી પણ એ પ્રપંચી પંથ, જો ખરો વેદધર્મ કે હિંદુધર્મ છે, એવુ તેઓમાનો કોઇ સાબિત કરી આપે, તો તેને રૂ ૧૦૦૦૦) દશ હજારનુ ઇનામ આપવાની અમે જાહેર પત્રોમા ચેલેંજ કરેલી છે છતા પણ એ પંથનો કોઇ પણ કાંધીયો પોતાની સચ્ચાઇ પૂરવાર કરવાને આજસુધી બહાર આવ્યો નથી. એજ સાબિત કરી આપે છે કે, ખોટા ડોળઘાલુના જુઠાણા તેમજ ભોળા લોકોને ઠગવાની ઉંડી લુચ્ચાઇ ભરેલા ધતીંગો સીવાય, એ ખીચડીયા પંથમા બીજુ કંઇજ સત્ય તત્વ નથી–

### કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ બન્ધુઓને એક નમ્ર અરજ.

આ બધી હકીકત જગજાહેર હોવા છતા, હજુ પણ મારા કેટલાક કચ્છી કડવા પાટીદાર બંધુઓની આંખો ઉઘડતી નથી અને એ પાખંડી પંથના પાપી પાસલામાથી તેઓ છેકજ છૂટા થઇ શકતા નથી એ જોઇને મારા જેવા એક જ્ઞાતિ–માતાની લાગણીવાળાના હૃદયમા કેવો દાહ થતો હશે, તે એક પરમાત્માજ જાણે છે–મને અફસોસ તો એટલોજ થાય છે, કે અમારા ઘણા સમજુ કડવા પાટીદાર બંધુઓ, જેઓ કચ્છ બહાર વસે છે, સુધરેલી સમાજના જાહેર જીવનમા પણ પોતાની ફરજ સમજી રસપૂર્વક ભાગ લે છે, અને એ પ્રપંચી પાપી પંથની કપટકળાને પૂરેપૂરી જાણી ગયા છે, તેઓમાના કેટલાક પણ હજુસુધી પોતાની જાહેર હિમ્મત બતાવીને, એ મેલડીના વળગાડમાથી મુક્તિ મેળવી શકતા નથી તેઓ એમ માને છે કે, નાત સાથેજ રહીને અમે ધીરે ધીરે સુધારો કરતા જઇશુ, અને ક્રમે ક્રમે આપણા પવિત્ર ધર્મક્ષેત્રમા પ્રવેશ કરશુ–પણ તેમને ભાન નથી કે, આવી શિથિલતા અને મોળાપણાથી તો આપણા હૃદયનો ધાર્મિક જુસ્સો કાળે કરીને મરી જાય છે, અને આપણી સખ્યામાથી પણ **આશાભર્યા અનેક જીવડાઓ ખપી જતાં, કળકળતાં કાળજાંની ખરી દાઝ અને કાળજીવાળા સમજુ કાર્યકર્તાઓ દિવસે દિવસે ઓછા થતા જાય છે.** માત્ર એટલુંજ-નહી, પણ આપણી બેદરકારી અને ઢીલનો લાભ લઇને, એ પ્રપંચી સતપંથના કુટિલ ધ્રધીઆઓ પોતાના દાવપેચ અને કાવાદાવા આગળ વધારતાજ જાય છે અને પોતાની જાળમા ભોળા

હિંદુ સેવકોને વધારે મજબુત રીતે જકડી રાખવાની અનેક છળભેદભરી યુક્તિઓ કરતાજ રહ્યા છે બનાવટી ચમત્કારો બતાવીને, બેહેસ્તની ખોટી લાલચો આપીને, તેમજ જાહેર કે આડકતરી રીતે લાંચ–રુશ્વત વડે દેશના રાજ્ય અને મુખી લોકોની મારફતે દબાણ ચલાવીને, **તેઓ પોતાના હાલ દિવસે દિવસે તુટવા લાગેલા આકડાના માંડવાને–સડેલા વાંસના તકલાદી ટેકાઓ** આપી રહ્યા છે.

## "સતપંથ"નો શયતાની જુલમ !

એ બધુ ઉપર જણાવેલા સમજુ અને સુધરેલા કડવા પાટીદારો હજી સુધી આંખો સ્હામે જોઇ અને સહી રહ્યા છે, એ કેટલી બધી અફસોસની વાત છે ? અરે ! બંધુઓ ! તમારી ધર્મભાવના, તમારી લાગણી, તમારા વચનો અને તમારા નિશ્ચયનુ બળ ક્યા ગયુ ? તમે આ ઠગાઈ અને જુલમ હજી કેમ સહન કરી રહ્યા છો ? તમે દેશમા જાઓ, ત્યારે એ ઢોંગી અને પાખંડીઓ તમારી પાસેથી ટેક્સ અને લાગાનો દંડ લીધા વિના, તેમજ તમને તન–મનથી ભ્રષ્ટ કરનારી ગટરના ગંદવાડ જેવી, મલીન અને ગંધાતી અમીની ગોળી (!) પીવરાવ્યા વિના, સગા–કુટુંબ, માબાપ, ભાઇ બ્હેન, કે ઘરની સ્ત્રી અને બાળબચ્ચાઓ સાથે પણ તમને મળવા દેતા નથી ! આવો પશુઓ પણ ન વેઠી શકે, એવો ત્રાસ તેઓ વરતાવી રહ્યા છે, અને તમે તે મુંગે મ્હોડે વેઠી રહ્યા છો, એ કેવી દુઃખની વાત છે?

એટલુંજ નહી પણ જે પવિત્ર વેદનુ નામ લેવાનો શુદ્રોને સુદ્ધા અધિકાર નથી, એ વેદની જગજાહેર રીતે ઠઠ્ઠા–મશ્કરીઓ કરીને, વેદને નામે મુસલમાની કલમા અને દુવાનુ કલ્પિત કચુંબર પઢાવે છે, સતપંથની સંધ્યા, સતપંથના યજ્ઞ, હોમ, ગાયત્રી, જપ વગેરે વગેરે હડહડતા જુઠાણા ચિતરી કહાડી, તેમને ધર્મવિધિ અને ધર્મપુસ્તકો તરીકે ઘુસાડી દે છે, અને ઘટ–પાટ તેમજ **એવીજ બીજી કપોળકલ્પિત કુટિલ ક્રિયાઓ કરાવી, નિર્લજ નફટાઇથી આપણને પણ નકટા બનાવીને, જગત્‌ની હાસી અને નિંદાને પાત્ર ઠરાવે છે;** જેથી એ પ્રપંચી સતપંથ પાળવા માટે આપણા સુધારક ભાઇઓ પણ ઠામ ઠામ હડધૂત થાય છે અને બીજી બધી હિંદુ કોમોના અપમાન તેમજ તિરસ્કારની જ્યા જ્યા જાય ત્યા પડતાલ સહન કરી રહ્યા છે, એ શું ઓછી શરમની કે અફસોસની વાત છે ? ચેતો, ચેતો, વ્હાલા બંધુઓ ! એ મહાપાપની ફાંસીમાથી હવે તો પ્રભુની ખાતર અને જ્ઞાતિમાતા તથા દેશના હિતની ખાતર છૂટા થાઓ

## આપેલા પવિત્ર વચનોની યાદી.

બંધુ ! પરિષદ વચ્ચે તેમજ અનેક મિત્રો અને ભાઇઓની સામે તમે કરેલી પ્રતિજ્ઞાઓ પાળી બતાવી, પવિત્ર પાટીદાર જ્ઞાતિનુ હવે તો પાણી રાખો. વ્હાલા ભાઇઓ ! એકવાર યાદ કરો, સભાસદ થતી વખતે તેમજ જાહેરમા ભાષણો કરતી વખતે, તમે હૃદયની ખરી લાગણી બતાવીને, અમુક દિવસોમા કે અમુક મહિનાઓમાજ નાત અથવા સગાઓને જણ્યા પછી તરતજ એ મહાપાતકમાથી મુક્ત થવાનો ધર્મપૂર્વક તમે નિશ્ચય કર્યો હતો અને પરિષદના પીરાણા સતપંથને જડમૂળથી ઉખેડી નાખવાનો ઠરાવ, તમે એ ઠરાવપત્રક ઉપર સહી કરીને સ્વીકાર્યો હતો, એ વાતને આજે લગભગ પંદર પંદર મહિના વીતી ગયા છે, છતા આળસ અને બેદરકારીથી, અથવા શરમ કે દબાણથી, તમો એ પવિત્ર વચન, ફરજ અને પ્રતિજ્ઞાઓને હજી સુધી પાળી શક્યા નથી ! ત્યારે વિરોધીઓ તો પોતાની કપટવી કરવત અંદર ને અંદર ચલાવતા રહી, મક્કમ પગલે આપણી સુધારક હિલચાલના મૂળો કાપવાને મહાભારત મા થાકોડ કરી રહ્યા છે અરે, આપણા પવિત્ર વેદ, દેવદેવી અને ધર્મશાસ્ત્રોનો તેઓ ભયંકર દ્રોહ

કરી રહ્યા છે, અને પૂજ્ય ૠષિ–મુનીઓ, દેવો, બ્રાહ્મણો તેમજ હિંદુ–ધર્મ પાળનાર આપણા સર્વ ભાઇઓને પણ છડેચોક ગાળો સંભળાવી રહ્યા છે, તે તમે કયા હૃદયથી સાંભળી શકો છો? શાસ્ત્રો તો કહે છે કે, **વેદ અથવા દેવતાઓને ગાળો દેનાર અથવા તેમનું અપમાન કરનાર પાખંડીની તો જીભજ ખેંચી કહાડવી જોઇએ.** એ જાણવા છતાં કેમ જાગતા નથી? અરે! આપણને તેમજ સતપથી સીવાયના બધા હિંદુ અને અન્યધર્મીઓને "વર્ણસંકર" કહી ગાળો દે, તે છતાં તમો હજી જાગતા નથી?! અને એવા પાપીઓના ખોટા દમામથી હતાશ થઇને તમારા પવિત્ર વચનોને કેમ વિસારી બેઠા છો? **વ્હાલા આત્મબંધુઓ! જાગો,–જાગો.એ માંસાહારી, દુરાચારી, પરધર્મ અને પરધનને હરનારા, મુસલમાની સૈયદો તેમજ વટલીને વંઠી ગયેલા સતપંથના કાકાઓ, તથા આપણી જ્ઞાતિના આપમતલબી, દુરાચારી, તેમજ જુલમગાર આગેવાનોની ગોઝારી ગુલામી–અરે! રૌ રૌ નરકમાં નાખનારી એ મહાપાપની અધર્મી ઝૂસરીમાંથી હવે તો છૂટા થાઓ.** જે ગુમાની અને અર્ધમુસંમાની ગદ્દેરાઓ, પોતે ધર્મ ગુમાવી, જેમને અડકીને પણ ન્હાઇ નાખવું જોઇએ, એવા મ્લેચ્છ સૈયદોના ચરણામૃત પીએ અને પીવરાવે છે, તથા તેમની ગટરમાં ફેંકવા જેવી એંઠ અને જૂઠણનો પવિત્ર પ્રસાદ મનાવી, પોતે ખાઇને બીજાને ખવરાવી, હિંદુજાતિનું સત્યાનાશ કાઢી રહ્યા છે અને ફરજીયાત તરીકે મુડદા દાટવાના મસાણ અને કબ્રસ્તાન જેવા અપવિત્ર સ્થાનોમાં ઉજાણીઓ જમાડવા જેવા ભૂંડા કામો કરાવે છે, આપણી જાતિના મુડદાઓને જમીનમાં દફનાવી, હિંદુના પવિત્ર શરીરોને માટીના કીડાનો ભોગ ધરાવવાનો મહાન્ અધર્મ ચલાવે છે, લગ્ન જેવી પવિત્ર ક્રિયામાં પણ ધર્મશાસ્ત્રની વિધિને બદલે બનાવટી મુસલમાની દુવાઓ પઢાવે છે અને ગાય–પીપળાની તેમજ વેદ અને દેવતાઓની પૂજાઓ તજાવી દઇ, દુવા અને કલમા પઢાવી આપણને મામદા હિંદુ–છુપા મુસલમાનો–બનાવે છે, એવા ધર્મનાશના ઇજારદારોની સાથે, હે પવિત્ર ભાઇઓ! તમારા જેવા સદાચારી, સમજુ અને સુધરેલા ભાઇઓને કોઇપણ જાતનો સંબંધ કે સહકાર એક પળવાર પણ ન શોભે તે નજ શોભે

વ્હાલા ભાઇઓ! આપણે તો આજસુધી બેદરકારી અને આળસની પાપ પથારીમાં આંખો મીંચીને ઉંઘીએ છીએ, ત્યારે પેલી તરફ સામો પક્ષ પોતાની પાખંડજાળ નિભાવી રાખવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે પરંતુ હજારો પ્રયત્નો કરવા છતાં પાપ અને અસત્ય ફાવી નજ શકે, એ કુદરતી નિયમ પ્રમાણે તેમની લુચ્ચાઇમાં જોકે તેઓ ફાવી શકતા નથી, અને કેટલાક સાચા સુધારકો તેમનો પીછો પકડી, તેમના પાપપ્રપંચોને ઉઘાડા પાડી, તેમને હરાવી–હંફાવી–જગતમાં ફજેત ફજેત કરી રહ્યા છે તો પણ હરામનો ચસરકો લાગેલો, એટલે હરામખોરી કરવાની પરંપરાથી પડેલી તેમની ટેવ ટળતી નથી, અને ની પૂંછડી સેંકડોવાર મરડીને સીધી કરવા છતાં હજી સીધે રસ્તે વળતી નથી!

## મુસલમાન સૈયદ બાવાસાહેબ અહમદઅલિ "ખાકી"નાં તરફડીયાં!

એ "પીરાણા સતપંથ"ને નામે હિંદુઓને ધૂતી ખાનારા અને ધર્મભ્રષ્ટ કરનારા પ્રપંચી એ કબ્રસ્તાની અને ખીચડીયા પંથના કેટલાક મુખ્ય ખટપટીઆ ખેલાડીઓમાંના ખાસ એક, મુસલમાની સૈયદ બાવામીયાં અહેમદઅલિ ખાકી, હાલમાં એ મડેલા સતપંથનો બચાવ કરવાને બહાર પડયા છે! એ ખરૂં જ છે કે, હરાયા ઢોરની પેઠે પારકી વાડીઓમાં ઘૂસી જઇને જેમને હરામનું જ ખાવાની વંશ પરંપરાથી બુરી આદત પડી ગઇ હોય, તેને સત્ય અને પ્રમાણિક માર્ગ તે શી રીતે સૂઝે કે સાચી સલાહ તે શી રીતે રૂચે?

## ગગવો કૂવો અને ગગાજીનો ગપગોળો !

અમારા વિચારવાન્ વાચકો તો જાણેજ છે કે, થોડાજ મહિના અગાઉ એવા કેટલાક હરામખાઉ અને પરવારતા સતપથી પ્રપચી જીવડાઓએ જગત્‌ની આખમા ધૂળ નાખવા માટે એક વિચિત્ર નવી બાજી ગોઠવી હતી અને પીરાણામા ગ ગાજી ફૂટી નીકળવાનો બનાવટી ચમત્કાર ઉભો કરી, પોતાના વિખરાઈ જતા સેવકોરૂપી ઘેટાના ટોળાને એ કબ્રસ્તાની વાડામા પાછા પૂરવાને એક નવો નાટક ઉભો કીધો હતો. પણ એ લુચ્ચાઈ અમારા જાણવામા આવતા તરતજ અમે જાહેરપત્રો તેમજ છૂટા લેખો દ્વારા તેમનો એ કુટિલ પાપનો ઘડો તડાકાભેર ફોડી નાખ્યો હતો ! એથી પેલા દલદલ ઘોડાની લાદ ઉઠાવનારા અને પીરાણાનો ધર્માદા ખીચડો ચાટનારા સૈયદ મી ખાકીના કાળજામા તો ખળભળાટનો એક મહાન્ હિમાલય ખળભળી ઉઠયો !

### શિવજીભાઈનો સપાટો !

મી० ખાકીએ જ્યારે જાણ્યુ કે, પ્રપચી ચમત્કારનુ આ ધતીંગ ઉઘાડુ પડતા પોગળ ફુટી જવાથી અમારા ખીચડીયા ખાનાઓને કે કુકર્મના કારખાનાઓને, હવે તો જરૂર તાળાજ દેવાઇ જશે, અને અમારા પેટનો પાપી ખાડો પૂરવાનો રસ્તો પણ હમ્મેશને માટે બધ થઇ જશે, તો અમારા પીરાણાપથી સૈયદોના તો જરૂર બારજ વાગી જશે, કેમકે મૂલમજૂરી કરવા જતા પણ કોઇ ચાર આના દેવાનુ નથી, અને હરામના માલ મલીદા ખાધેલા એટલે મહેનતનુ કઈ કામ થવાનુ નથી માટે સાચો ખોટો કઇંક જવાબ તો ગોઠવી દેવોજ જોઇએ વળી બીજા સૈયદો અને સેવકોએ પણ કઇંક ખુલાસો છપાવવા માટે દબાણ ચલાવ્યુ, એટલે આજે સત્તર વરસે પીરાણાની પાપ–જાલમાથી મોઢુ બ્હાર કહાડી "**મહાન્ ધૂર્તબાજની પોલ**" એવા નામનુ એક પદર વીસ લીટીનું પતાકડા જેવુ હેન્ડબીલનુ ચીથરીયુ બ્હાર પાડયુ ! તેને અમે ઘટતી રીતે માન–પાન આપીને તરતજ વધાવી લીધુ, અને ગયા મહીનામાજ તેના એકકે એક શબ્દનો સચોટ જવાબ અને ખુલાસો અમે પ્રસિદ્ધ કર્યો છે, અમારો એ જવાબ છપાઇને બહાર પાડવામા થોડાક દિવસોની ઢીલ થઇ, એથી કરાચીના યુવક–મ ડલ તરફથી તેના સેક્રેટરી **સ્નેહી ભાઈ શ્રી શિવજી કાનજીએ** પણ **સૈયદ મી० ખાકીના** એ હેડબીલનો દાંડીકોક જવાબ છપાવીને પ્રગટ કર્યો ! એથી તો ખાકીમીયાના કાનના પડદાજ ઉઘડી ગયા જણાય છે ત્યાર પછીના અમારા ખુલાસાથી તો એ સટરપટરીયા સૈયદ સાહેબનુ કાળજુ જ બધ થઇ ગયુ હોય, એમ જણાય છે એટલે 'સતપથ'ની સત્યતા જાહેર કરવાનુ તેમનુ લખાણુ અમારે પૈસે છપાવી આપવાનુ જણાવ્યુ, છતા પણ મિયાજીના મોઢાપર લાગેલુ સીલ હજીસુધી ઉઘડયુ નથી–બોલો, મિયા ! બોલો, જમાનો તમારા મ્હોમા આગળી ઘાલી, પડખામા ગોદા મારી મારીને બોલાવે છે, છતાય તમે કેમ મિયાજીની મીંદડી બનીને, પેલા તમારા ગધાતા ગગવા કુવાની બખોલના કબુતરો ભેગા પારેવડુ બનીને મુગામતર બેસી રહ્યા છો ? બીજાને જવાબ આપવાને તો તરત મ્હોઢુ બહાર કહાડો છો, ત્યારે અમને જવાબ કેમ દેતા નથી? સદરહુ **શિવજી ભાઇએ** લગાવેલા સપાટાના જવાબમા એ **સૈયદ બાવાસાહેબ ખાકીએ** હાલ **એક નવુ ખુલાસાપત્ર** છપાવ્યુ છે, તેમા અમારા નામનો પણ ઉલ્લેખ કરીને, આડકતરા આક્ષેપો કરવાના તરફડીયા માર્યા છે, એથીજ આ લેખમા ખાસ અમારે વિસ્તારથી તેનો જવાબ લેવો પડે છે–ખાકીએ પોતાના ખુલાસા પત્રનુ નામ રાખ્યુ છે–"**વેદના વિરોધી પ્રતે પ્રેમોદ્‌ગાર**" એટલે એ નામ ઉપરથીજ સહજ સૂચિત થાય છે કે, તે પોતાના ખીચડીયા પથને વેદમાર્ગ જણાવવાની સોફ઼્ તથી હુલડાઈ કરે છે ! અને પીરાણાની પોલો ઉઘાડનારાઓ માટે વેદના વિરોધીઓનુ વિશેષણ વાપરે છે !

**કેટલી બધી તુમાખી? કેવો ધર્મ-ઢોંગ? કેવી બદમાશી?** ઓ સૈયદમીયા! બસ કરો-હવે બસ કરો વેદનુ પવિત્ર નામ લેવાનો પણ માસાહારી વિધર્મીઓને હકક નથી-તમારા પાખડી પથ સાથે અને તમારા જેવા પરન્યાત-જાતને ભોળવી ભીખી ખાનારા ફકિરોસાથે **પવિત્ર વેદ કે વેદ ધર્મને** કશુ લાગતુ વળગતુ કે સ્નાન-સુતકજ નથી!

## હાસમી વંશ કે હરિવંશ?

સૈયદ બ્હાદૂર! તમે અને તમારા પૂર્વજો, બાપદાદે ઇસ્લામી થઇને પારકે ખોળે બેસી જઇ, પોતાને હરિવશના કહેવરાવતા અને **હરિની ઓલાદમાં પોતાનુ નામ ગણાવી, પોતાનીજ માતાને પોતાને હાથે ગાળ લગાડતાં પણ તમે શું શરમાતા નથી?** કોઈ શુદ્ધ મુસલમાન બચ્ચો તો મરતા પણ પોતાને હિદુના વશમા પેદા થયેલા તરીકે નહીજ ઓળખાવે! અરેરે! પાપી પેટ ભરવા માટે તો આ જગતમા તમારા સતપથપ્રવર્તકો સીવાય બીજા કોઇ પણ-છેક છેલ્લે પાટલે બેઠેલા હશે, તે પણ-પોતાના બાપ-દાદા બદલાવીને પરધર્મી પરકોમના પુત્ર થઇ બેસવાનુ સાહસ નહીજ કરે! કહોતો ખરા, હરિના વશમા કયા પુરષનુ પુત્રપદ તમારા પૂર્વજોએ શોભાવ્યુ હતુ, કે તમે પોતાને હરિવશના કહેવરાવો છો? કોઇ ઇતિહાસ કે દત કથાનુ કઇ પણ પ્રમાણ બતાવશો કે? વળી મી ખાકી! તમારા બાપદાદાઓએ હરિવશની અટક કયા દહાડાથી ધારણ કરી? હરિવશ સાથે તમારો કેવો સબધ? તમારા પૂર્વજોમા, હરિવશનો પહેલો છોકરો કોણ થયો? તેનો કોઈ જાહેર ઇતિહાસ બતાવી શકશો? અરેરે! આવી રીતે પરધર્મ અને પરકોમનુ નામ પચાવી, પરાણે પારકા છોકરા બની જવાથી કઇ પેટ નહીંજ ભરાય! મી ખાકી! કંઇક શરમ રાખો શરમ રાખો માતા-પિતાની તો કઇક આબરૂ જાળવો! હાથે કરીને હરિવશના કહેવરાવવાથી તમને કેવી ભૂડી ગાળ બેસે છે, તેનો કઇ ખ્યાલ કર્યો છે? વારૂ, તેનો તમે નિરાતે વિચારીને ખુલાસો લખજો. હવે તમારા "પ્રેમોદ્‌ગારની" શરૂવાત કરતાજ તમે લખો છો કે,-"વીરા! ખોટી અદેખાઇ ના કરો સતપથનો નાશ નહી કરી શકો. સૂર્ય ઉપર ધૂળ નાખી મોઢુ ભ્રષ્ટ કર્યું છે!" ઓ મીયાજી! આ પ્રેમવચનોની શરૂવાત કે? તમારા કુલના પ્રેમોદ્‌ગાર આવા પ્રકારનાજ થતા હશે! મી ખાકી! ઘેર ઘેર ભીખ માગી, પાપ પ્રપચથી પેટ ભરનારની તે અદેખાઇ કોણ કરે? અને શા માટે કરે? તમને એવી તે કઇ બાદશાહી કે નામના મળી ગઇ છે, કે બીજા તમારી અદેખાઇ કરે? ફકીર બ્હાદૂર! જરા જાત સભાળો પછી બીજાને ઘટતા અણઘટતા વચનો ઓચરો

## શિવજીભાઇને બદલે પોતાનાજ પૂર્વજોને ભાંડયા!

ઉપરનુ મગલાચરણ કરીને ત્યાર પછી એ ઉસ્તાદ સાઇમીંયા પોતાનુ ડહાપણ આગળ ચલાવતા લખે છે કે-"કચ્છી કડવા પાટીદાર યુવકમંડળના સેક્રેટરી શીવજી કાનજીની કુટિલતાની સર્ચલાઇટ નામના હેન્ડબીલ વિષે"-"પીરાણા પથ' એ નામ યોજનારાઓના પડળો જ્યા સુધી ઉતર્યા ના હોય, ત્યા સુધી એવાઓ સત્ય જોવા ભાગ્યશાળી કેમ નીવડે?" 'મીયાજી'! વાત તો સાવ સાચીછે, આ વખતે તો કુદરત તમારે મોઢે સાચુજ કહેવડાવે છે-પીરાણા 'સતપથ' એ નામ યોજનાર ઇમામશાહ અને તમારા પુર્વજો-તેમની આખે પ્રપચના પડળો ચ્હડેલા, તે તમારા જેવા કોઇ સપુતે આજ સુધી ઉતાર્યાં નથી, એટલે એઓ બિચારા 'સત્ય' જોવાને ભાગ્યશાળી કેમ નીવડી શકે?

## બનાવટી ગંગાજીનો બનાવટી બચાવ!

ત્યારપછી મી. ખાકી લખે છે કે,-"ગગાજીના નામથી આકળ-વિકળ બની જનારાઓએ શહેતામા શુ ગળાઇ, સ્વપાત્રતાનો પડથો પાડી સ્વપોત પ્રકાશી દીધુ છે" આ વાકય પણ તમારી પાસે કુદરતે છેક

માથુંજ લખાવ્યુ છે-પવિત્ર વેદધર્મી હિંદુઓ તો આજે અનેક યુગો થયા ગંગાજીના નામથી, અને સ્નાનથી સદાય પરમ શાંતિજ ભોગવે છે પણ ગંગાજીના નામથી આકળવિકળ બનેલાઓએજ તમારા પાખંડ ધર્મનો પ્રચાર કરી, મુડદાના હાડકાંવાળી કબ્રસ્તાની અપવિત્ર ભૂમિના એક ગંધાતા ગટરીયા કુવાને ગંગવા કુવાનુ નામ આપ્યુ છે અને પોતાની શઠતામાં ગુંગળાઇ તેમણેજ પોતાની જાતમાતનુ પોત પરખાવ્યુ છે બાકી કથીરમાં કનક, થોરના છીરમાં દુધ, કાક વિષ્ટામાં પ્રસાદ અને લીંબડાના પાનમાં કદાચ સાકરની મીઠાશ હોય, તો પણ પીરાણાની કબ્રસ્તાની ભૂમિમાં કે ગંગવા-કુવામાં તો ગંગાજીનો એક લેશ પણ ન હોઇ શકે!

મી૦ ખાકી કહે છે કે,-"બુદ્ધાવતારનો સમય પૂર્ણ થતાંજ શ્રી ગંગાજી પીરાણે પધારેલા છે દાભડાવાળા પ્રદેશમાં ગંગાજી પધારશે, તેવુ વેદિકશાસ્ત્રો કહે છે, તેને સાચુ માનવુ, તે વેદ માનનારાઓ માટે છે"

મી ખાકી! આ વાત કયા ઇતિહાસમાં કે વેદિક શાસ્ત્રોમાં વાંચી આવ્યા છો? તમે તમારી હમેશની ટેવ મુજબ કોઈ નવો ગંધર્વ વેદ તો નથી લખ્યો? જેમ તમારા બનાવટી અને તરકટી ખોટા બુદ્ધાવતારમાં તમે ધોળે દહાડે રાત બતાવી, પાંડવોને ગૌહત્યા કરનારા જણાવી, જે અનેક નીચ વાતો ઠોકી ઘાલીને, હિંદુ ધર્મનુ હડહડતુ અપમાન કર્યું છે, તેવો એ કોઈ નવો વેદ તો નથી ઘડી બેઠા? એ બુદ્ધાવતારમાં તમારા ગંગવા કુવાની ગટરને ગંગા તો શું, પણ ક્ષીરસાગરનો વડ દાદો કહો, તો પણ તમને કોણ રોકી શકે તેમ છે? એમ તો કુંભાર પણ કહે છે કે, મારો ગધેડો રાજાના હાથી કરતાંયે વધારે પરાક્રમી છે! પણ એથી જગત્ કંઇ એ માની લેશે? હિંદુના કોઇ પણ પવિત્ર ધર્મ ગ્રન્થમાં તમારા કબ્રસ્તાની પીરાણાનુ નામ પણ લખાયેલુ નથી પરંતુ એ તો બધી તમારી અને તમારા મતલબી પૂર્વજોનીજ પ્રપંચી બનાવટ છે

**આખાં કાશી સાથે ગંગાજી પીરાણે આવ્યાં! માર તોપ!!**

ઉપરના ફકરાની નીચેજ ગંગાજી પ્રકટ થવા બાબત મી ખાકી લખે છે કે,—

'શ્રી સદ્ગુરૂ પીર ઇમામશાહ બાવાના સમયે **પીરાણામાં ગંગાજી કાશી જેવાં પવિત્ર ક્ષેત્ર સહિત પધારી, હજારો માણસોને પવિત્ર કરી, પ્રખ્યાતિ પામેલ છે** આજ કાંઇ નવાઇની વાત નથી" સંવત્ ૧૯૮૦ ના ભાદરવા માસમાં મહિજડા ગામે શ્રી ગંગાજીએ એક વિચિત્ર સ્થળે પ્રગટ થઈ સાક્ષાત એક બાળકન્યા રૂપે ત્યાંના સામયિક યાત્રાળુઓને દર્શન આપી, સૂચના કરી હતી કે,-"(૬) છઠ્ઠા માસે હું પીરાણે પ્રગટ થઇશ" એ કથા દર્શને આવનારા મહિજડાના યાત્રીઓ કહેતા હતા-હજુ કહે છે ને કહેશે ખાત્રી કરવી હોય, તો ત્યાં પધારી ખાત્રી કરી જૂઓ"

શાબાસ! સૈયદ ખાકી! આતો ઘણી આબાદ તોપ ફેંકી! પણ ટાઢાજ પ્હોરની હો! ઇમામશાહની સાથે કાશી જેવા પવિત્ર ક્ષેત્ર સહિત ગંગાજી પીરાણે પધાર્યાં, ત્યારે તે એવડું મ્હોટું કાશીક્ષેત્ર અને એવડાં અનંત જલભર્યાં ગંગાજી પીરાણાની કંઇ કમરમાં છૂપાઈ બેઠા? ગંગાજી આવ્યા, તો પીરાણુ તેમાં ડુબી કેમ ન ગયું? શું ઇમામશાહ બાજીગર હતા, કે તેણે ગંગાજીને અને કાશી જેવા વિશાળ ક્ષેત્રને પણ કાંઇ બીજુંજ ન્હાનું રૂપ આપી દીધું? કાશીજીનો પોપટ બનાવી કે ખબુતર? અરે ખાકીજી! તમે તો ખાકી ને તમારી બધી વાતોય ખાકી! એટલે તમે તોપ હાંકવામાં કંઈ ના રાખ્યું બાકી! ફકિર મૌલા! આવી લાલ બુજક્કડ જેવી વાતો કોઇ જંગલના ભીલોને સંભળાવી હોત, તો આજે તે પણ ખોટી કહીને હસી કહાડત-ત્યારે આ વિજ્ઞાન અને સભ્યતાના પ્રકાશિત જમાનામાં એવી અરેબીયન નાઇટ્સ જેવી તોપોને તે કોણ માનવાનુ છે?

## ત્યારે બોલ્યા બાવા ઇમામશાહ !

વળી તમારા ધૂર્તશિરોમણી ઇમામશાહ તો લખે છે કે, ભારતના અડસઠે તીર્થો પીરાણાના ગગવા કુવામા આવીને રહ્યા છે ! એથી તમારી એકવીસે પેઢી તરી ગઇ અને બેહેસ્તની બાદશાહી પણ તમનેજ મળી ગઈ ! ત્યારે પછી બિચારા ગરીબ, નિર્ધન, મજુરી કરી પેટ ભરનારા, કણબી, કોળી, કાછીયા, ગોલા જેવા અબણ સેવકોને લૂટીને અધશ્રદ્ધાળુ જનોની પાસેથી લડી વઢી શા માટે પૈસા નીચોવી કાઢો છો ? બેહેસ્તનો ખજાનો મળ્યો છે, છતાય ભીખ ન છૂટી ? વળી મી ખાકી ! જો ઇમામશાહ બાવા પોતાની હૈયાતીમાજ **કાશી અને ગગાજીને પીરાણે લાવ્યા**, તો પછી ત્યાથી નાશી જઇને મહિજડા ગામમા એક વિચિત્ર સ્થળે સાક્ષાત્ એક બાળકન્યારૂપે તે કેવી રીતે પ્રગટ થયા ? અને તે વળી કોઇ વિચિત્ર સ્થળે ! **વિચિત્ર સ્થળ તો સડાસ કે મુતરડીજ હોય !** તો મહિજડાના ક્યાં વિચિત્ર સ્થળે તે પ્રકટ થયા, એ જણાવશો કે ?—અને એ કન્યારૂપ ગગાજીએ કહ્યુ કે, "હુ છઠ્ઠે માસે પીરાણે પ્રગટ થઇશ !" ત્યારે એ છ મહીના સુધી તેઓ ક્યા ભટકતા હતા ? અરે મી. ખાકી ! આ જ્ઞાન-ભૂષિત જમાનામા આવી નમાલી—બનાવટી—કુદરતવિરૂધ્ધ વાહિયાત વાતોથી તમે કોને બનાવવા માગો છો ! ? હવે તો તમારા મેઢા જેવા સેવકો પણ સમજીને ચેતી ગયા છે, એટલે એવા કોઇ ભાડુતી યાત્રાળુઓને ભણાવી ગખીને બનાવટી ચમત્કારોની બાગ પોકારશો, એટલા તમેજ જગતમા વધારે બની જશો, એ નક્કી જાણજો—વધારામા ભોઠા પડશો અને ભૂડા મણાશો, માટે હવે તો એવા પાખડો અને ધતીગો તમે જવાજ દેજો વળી ખાકીજી ! જો ગગાજી છ મહીને પીરાણે પ્રકટ થવાના હતા, તો એટલો વખત તમારો ગગવો કુવો અને પાપધામ પીરાણુ તો ગગાજી વગરનાજ બની રહ્યા હશે ! એ તમારા પોતાના શબ્દોથીજ સિધ્ધ થાય છે, ખરૂ ને ?

મી ખાકી ! ખરૂ પૂછો તો જ્યા માસાહારી મ્લેચ્છોજ મુખ્ય ભાગે વસતા હોય, જ્યા કબ્રસ્તાનમા દાટેલા મુડદાઓથી જમીન અપવિત્ર બની રહી હોય જ્યાં પવિત્ર આર્યોને ઠગીને વટલાવવામા આવતા હોય, એવા પ્રપચી પાપધામમા ગગાજીના પ્રકટ થવાની વાતો તો સસલાને સીંગડા ઉગાડવા જેવી અને વાઝણીના છોકરા રમાડવા જેવીજ બનાવટી જાણવી !

## હિદુજાતિ ઉપર ભયકર આરોપ !

સૈયદ બાવાસાહેબ ખાકીનુ ખાકી પૂતનુ આગળ જતા જણાવે છે કે, 'ગગાજી પોતાને સ્થળેથી જીવહત્યાના મહાદોષોએ કટાળી ગુજરાતમા આવ્યા છે—ગગાતટ વાસીઓની ઘણી કોમો, તેમજ તમારા ગુરૂજનો બ્રાહ્મણાદિ સર્વ માસ માછલાના ભોગી બનેલા જોઈ શ્રી ગગાજી પીરાણે આવતા રહ્યા ગુરૂ માસાહારી—તેના યજમાનો કાઇ તેથી ઓછા ન હોય !"

મી. ખાકી ! જેવુ અન્ન તેવોજ ઓડકાર—તમે જેવા છો તેવાજ બીજાને કહો છો, અને નીચ યુકિતઓથી હિદુઓના પવિત્ર ક્ષેત્રોને બદનામ કરી તમારા કબ્રસ્તાનનો ખોટોજ મહિમા વધારી રહ્યા છો ગગાતટવાસી પવિત્ર આર્યજાતિને તેમજ બ્રાહ્મણો, ગુરૂઓ અને યજમાનોને, બધાને માસાહારી કહી, તમે અખિલ હિદુજાતિની ભયકર બદનક્ષી કરો છો જો ન્યાયાસન સમક્ષ તમારી આ નીચ હરામખોરીનો જવાબ લેવાને કોઇ પણ ધર્માભિમાની હિદુ તૈયાર થશે, તો જરૂર તમને ભારી પડશે,—તમારી બડાઇની ડાફલી તમે ભલે ગમે તેમ વગાડો, પણ પારકા ધર્મની નિંદા કરવા જતા સભાળજો—વખતે તમને ભોય પણ ભારી થઇ ન પડે ! વળી મી ખાકી પોતાના હેડમીલને છઠ્ઠે પાને નવી તોપ ગોઠવે છે કે—" પીરાણે ગગાજી પ્રગટ થાશે, તેવી ભવિષ્યવાણી ભવિષ્યપુરાણાદિ પુસ્તકોમા છે, જૂઓ. પછી પૂછવા આવો. શ્રી સદ્‌ગોર ઇમામશાહ તો ઘણી વાર લખી

ગયા છે કે, ગંગાજી પીરાણામાં આવશે" મી. ખાકી! આવું હડહડતું જૂઠું તમે ક્યા ભવને માટે લખો છો? કોઇ પણ વ્યાસકૃત પુરાણમાં જો તમે પીરાણાનું નામ પણ બતાવો, તો તમને અમારૂ આગળ જણાવેલું ઇનામ આપવાને અમો તૈયાર છીએ, નહીં તો, તમે પીરાણાના પાખંડો છોડી, તમારા મૂળ ઇસલામી ધર્મને પકડીને જરા નીતિ અને નેકીનો માર્ગ ગ્રહણ કરતા શીખો

## વંઠેલાઓની વેદ-સેવા!

તમારી ભીખના ખુલાસાઓમાં એ છઠ્ઠે પાનેજ તમે લખો છો કે, "**વેદની સેવા માટે પૈસા માગવા અતિ ઉત્તમ છે.**" ખાકી! તમે વેદની કેવી સેવા કરો છો, એ શું જગત નથી જાણતું? વેદધર્મીઓને વટલાવી, મુમના બનાવી, કલમા પઢાવવાઅને નુરની ભ્રષ્ટ ગોળીઓ ચડાટવી, એજ તમારી વેદની સેવા કે? વાહરે! કલિયુગી વેદસેવક! તમારી આ વેદ-સેવાનો અલ્લાહ તાલા કેવો જવાબ લેશે, એનો તમે કંઈ ખ્યાલ કર્યો છે? તમારા ઇમામશાહે તો એક ગંગાજીજ નહી, પણ અડસઠ તીર્થ પીરાણે આવ્યાનું-અનેક વાર જણાવ્યું છે, અને એ પ્રપંચી જૂઠાણું આખું જગત જાણી પણ ચુક્યું છે ઇમામશાહે હાઈ તરીકે કરેની નિઝારીઓની દલાલીથી હવે કોણ અજાણ્યું છે?

## શ્રી રામચંદ્ર અને કૃષ્ણચંદ્રની નિંદા!

મી ખાકી, વળી આગળ લખે છે કે—

"શ્રી રામચંદ્રની શત્રુવટમાં બ્રાહ્મણ કોમ ઉભરાઈ નીકળી-આખી જગતને વેદથી વિમુખ કરી દીધી ત્યાં સુધી કે શ્રી રામચંદ્રજીના જીવના શત્રુ અઢાર ક્ષેણી બ્રાહ્મણો થઇ પડ્યા"-શ્રી કૃષ્ણનો નાશ કરવા ઘણી યુક્તિયો સમાજ કરતો હતો શ્રીજીને ચોર, પીંઢારો, છીનાળવો, વર્ણ-સંકરાદિ પદ્વિઓથી પ્રસિદ્ધ કરતા હતા" સૈયદ ખાકી! આવા હડહડતા જૂઠાણાથી અતિ નીચ નાપાક શબ્દો બોલી હિંદુજાતિનો ભયંકર દ્રોહ કરતી વખતે તમારી જીભમાં કાંટા કેમ નથી ઉગતા? આ બધો ખોટો બકવાદ તમે કોની સામે કરો છો? આ વાતો તમે ક્યા ઇતિહાસમાં વાંચી આવ્યા છો, તે સ્પષ્ટ જણાવી તમારી સચ્ચાઇને સિદ્ધ કરી બતાવો નહી તો ખબરદાર! કોઇ કમજાત ગોલાને પણ ન છાજે, એવી રીતે તમે અમારા પરમપૂજ્ય ઇશ્વરાવતારોને આવા શબ્દો લખો છો,તેનું પરિણામ તમારે ઘણુંજ સખ્ત વેઠવું પડશે બીજાનો ધર્મ અને જાતિદ્રોહ કરનારને બ્રિટીશ ન્યાય શી શિક્ષા કરે છે, તે તમે જાણો છો કે? જરા પીનલકોડ ધ્યાનથી વાંચી જજો

## ઇમામશાહનું રગસીયું ગાડું!

વળી પોતાના પ્રપંચી પૂર્વજોની બહાદુરી બતાવતા, મી. ખાકી લખે છે કે,-"શ્રી સદ્દગોર ઇમામશાહ બાવાનું વેદનું ગાડું અસંખ્ય વરસથી રગસ રગસ ચાલતુંજ આવ્યું છે-" મી ખાકી! તમારા પૂર્વજોનું એ વેદનું નહી, પણ ઠગાઇ અને પાખંડનું ગાડું, અને તે પણ એક દાઇ એટલે દલાલ થઇને પોતાના શેઠ ઇસમાઇલી નિઝારી ઇમામોનું હરામખોરીથી પચાવી પાડેલું, કલજુગના અંધારાને પ્રતાપે જરૂર રગસ રગસ એટલે પડતું આખડતુંજ આજ સુધી તો ચાલ્યું, પણ હવે તો એ પાપનો ઘડો પૂરેપૂરો ભરાઇ ગયો છે રાઇના પાડ રાતે વહી ગયા તમારી ઠગબજારનું મુખ્ય થાણું કચ્છ, જ્યાંથી તમને લાખ લાખ રૂપીયાની દર વરસે દશોંદ મળતી, ત્યાંથી આજે ફક્ત દશમો હિસ્સોજ માંડમાંડ મળે છે અનેક ગામોએ તો દશોંદ મોકલવી બીલકુલ બંધ કરી દીધી છે, અને હજારો સેવકો તમારી ઘોર કુકર્મી પ્રપંચજાળની પાપ-દોરીઓને તોડી નાખી, દરરોજ તમારાથી છૂટા થતા જાય છે એ બધું તમારા જાણવામાં તો છે, પણ શું કરો? પાપી પેટની વેઠ ખાતર ખોટા બણગા પણ તમારે ફૂંકવાજ પડે। સૈયદ ખાકી વળી ત્રીજે પાને લખે છે કે,-'દુધ અમૃત છે

૧૨૨૮



**પણ રોગીને ઝેર થાય, તેમાં દુધનો કેવો દોષ ?** "મી૦ ખાકી ! એ ખરી વાત છે અમારી દુધ જેવી-અમૃત જેવી-સલાહ તમને હજી પણ ઝેર જેવીજ લાગે છે અને તમે તમારા પાખંડ છોડતાજ નથી, એમા અમારી શિખામણનો તેમજ તમારો પણ કંઈ દોષ નથી. પણ ઠગાઈથી હરામનુ ચાટવાનો જે તમને લાંબા વખતથી ભયંકર રોગ લાગુ પડયો છે, તેનોજ એ બધો દોષ છે ! મી૦ ખાકી પોકારે કે કોણ કહે છે રાપીનો ધા ? તેનો એજ ખુલાસો હોઈ શકે, કે ભવિષ્યના આરીસામા તમારા પોતાના કર્મોનો ચ્હેરો જૂઓ-હાથ કંકણને આરસીની શી જરૂર છે ! તમે બેહેસ્તના ઇજારદાર પોતે ભીખ માગતાજ રહ્યા છો અને તમે પોતે લખો છો અને કબુલ કરો છો, તેમ "**હુંડધુત કેવા થયા છો, તે આખા દેશમાં પ્રગટ થઇ ગયુ છે**"

## અમારા ઉપર આક્ષેપનો ધા !

એ હેંડબીલને ત્રીજે પાને છેલ્લા ફકરામા મી૦ ખાકી સૂર્ય સામે ખાક ઉરાડવાનો યત્ન કરી, જાતેજ આંધળા બનવા માટે છાતી ફુલાવીને લખે છે કે —

"તમારા જ્ઞાતિસુધારક (દગાડક) મી૦ નારાણજી રામજીભાઈ પોતાના લેખમા યુક્તિએ હમારી શાન્તિનો ભંગ કરવા ને કાકા સૈયદો સાથે વઢાડવા પ્રપંચ કર્યો હતો-તે પૂરતોજ મારે જવાબ દેવો પડયો તે સત્યતાએ આપ્યો-તેમા કઈ વાત હમારી ખોટી છે ? તે લખવુ હતુ કાં પ્રાસંગિક ચર્ચા સહવિવેક કરવી હતી આમ અવળુ બોલી ગાળો ભાંડવામા બહાદુરી નહી ગણાય-તમે મારા લેખનો જવાબ આપ્યોએ નહીં ગણાય-મારા લેખનુ ખંડન પ્રમાણસહ કરી ખોટુ કરી દેખાડવુ હતુ-આમ ગાળો ન ભંડાય-હમારા લેખમા બિભત્સતાને નિંદા કયા છે, આતો તમો તમારૂ સ્વરૂપ જોઇ ભડકી પોકાર પાડો છો "

## ખાકીની બેધારી બાજી !

મી-ખાકી ! તમને કાકા અને સૈયદો સાથે વઢાડવાનો મેં પ્રપંચ કર્યો, કે તમારી નીચતા એ ? તમે સામૈયુ અને વરઘોડો કાઢીને ખેરીયાતની દોલતનુ નખોદ વાળવા માટે કોર્ટે ચઢયા હતા, તે મેં ચડાવ્યા કે તમારી અને સૈયદોની નીચ આપમતલબે ? તમારી કઇ વાત સાચી છે ? તમે બાલેબાલ જૂઠાઈથીજ ભરેલા છો-લખવુ, બોલવુ-ચાલવુ-બધુ જૂઠુ અને બધુ જગતને ધૂતી ખાવા માટેનુ જ છે વળી તમે લખો છો કે, " મારા લેખનો જવાબ આપ્યોએ નહી" પણ તમારો લેખજ કયા હતો ? લેખ માટે તો તમે પૈસાની તેમા ભીખ માગી હતી અને વધારામા **પોતાનુ થુકેલુ ચાટીને, પોતેજ લખેલા જે લેખને અમે ટાંકી બતાવી, તમને માન આપ્યુ, તેનો પણ ઈન્કાર કરી, કુટિલ કાકા અને પાખંડી સૈયદોને પુણ્યશાળી કહી, તેમને પગે પડયા-રડી-કકડીને માફી માગી-પોતે લખેલું પોતેજ રદ કરીને નાલાયકી અને નામર્દાઇ બતાવી !** એજ તમારા લેખનો મહિમા અને એજ તમારી પોપલીલા કે ? જે કાકાને ભરકોર્ટમા ન્યાયાસનની સ્હામે, ખુદાને નામે, સાચુ બોલવાની ગંભીર પ્રતિજ્ઞા લઈને, ઘણા અપકૃત્યો કરનારા, સ્વાર્થી, પૈસાનો ગેરઉપયોગ કરનારા, વ્યભિચારી-અપ્રમાણિક-પારકી મિલ્કત ખાઇ જનારા અને બદચાલના કહ્યા હતા, તેમનેજ પાછા તમે "પુણ્યશાળી" કહેવાને બહાર પડયા છો ? ત્યારે એમા સાચુ શુ ? અને ખોટુ શુ ? કોર્ટમા સોગનપર આપેલી જૂબાનીઓ ખોટી, કે હાલમા માલપાણી ચાટવાને માટે તમે કરેલી ખુશામત ખોટી એ બન્ને ઉલટી-સુલટી વાતોમા કઈ ખરી ? એ કયે મોઢે બોલ્યા હતા ?

મી૦ ખાકી ! તમારા વર્ત્તનનો વિચાર કરતાં તો કલમ પણ કંપીને કમીકમી ઉઠે છે— મી. ખાકી ! તમે તો ખરેખરા ખાકીજ, એટલે બધુ છેક ખાક જેવુ જ કરશો ! વળી મી. ખાકી

પોતાના હેડબીલમા બડાઇ ગાઇને મોટે ઉપાડે લખે છે કે **હમારા લેખમાં બિભત્સતા ને નિંદા ક્યાં છે !** એજ ખાકી, એજ લીટીની નીચેના પેરામા લખે છે કે–"તમે પારસીયા કહેવાવ છો, તો તે અટક ક્યાંથી પડી ? પારસી જ્ઞાતિને અને તમારે કેવો સંબંધ ? બાકી જાત ઉપર ભાત ત્યારે દેખાઇ રહેશે" આ તો જરાપણ બિભત્સ નિંદા નહીં, પણ મીયા ખાકીના મત પ્રમાણે તો એ ફુલના હાર તોરા કહેવાતા હશે ? !"

## ખાકીના પિત્રાઇ ભાઈ જુમ્માની બ્હાદુરી !

વળી તેની નીચેના પેરામાં ખાકી લખે છે કે–"નોતીયાર જુમ્મા ગુરૂને પોખણુના દિવસોમા ઘરે જવાન છોકરીની સાથે રાખી, મા-બાપો ૭-૭ સાત સાત રાત્રિ દિવસ જંગલમાજ રહે, રખડેલ પાખંડી લુચ્ચો માણસ પાખંડ કરીને પોષાય !" આ પણ બિભત્સ નિંદા નહીં હોય ! પણ ખાકીના સતપંથનાં જ્ઞાન ! વળી બીજા પાનામા મી ખાકી લખે છે કે, "**હમારી ગંગા સાચી, માત્ર તેના વિરોધી વર્ણસંકરોજ જૂઠા.**" આ સુંદર વાણી તો બિભત્સ નિંદા નહીં, પણ ખાકીની પવિત્ર વેદવાણી હશે ! ધન્ય છે ! બનાવટી **હરિવંશમાં અવતરેલા વર્ણસંકર, ઠગારાઓના વંશધરને ! ખરી રીતે તો પીરાણા સતપંથ વર્ણસંકર, તેણે ગોઠવેલી ચારે યુગની વંશાવળી વર્ણસંકર, તેમનું સાહિત્ય વર્ણસંકર, હરિવંશના ગોઠવેલાં ખટપટી ખોટાં પાઠીયાં વર્ણસંકર અને તેના સ્થાપકે રજુ કરેલી પોતાના પરિવારની આલઓલાદ પણ તેને પોતાને હિસાબે અને જોખમે વર્ણસંકરજ !** અને વળી પાપી પીરાણા સાથે પવિત્ર ગંગાજીનું નામ જોડવું એ પણ બદમાશોની વર્ણસંકરતા સીવાય બીજું શું હોઇ શકે ? **મચ્છ–કચ્છ–વારાહ–બુદ્ધવગેરેના કુળમાં પેદા થયેલા પીર અને સૈયદો !** એમનો કયો વર્ણ હોય ? એ તે સંકર કે કંકર ? મી ખાકી ! કંઇ છે આનો ખુલાસો કરવાનું તમારામા પાણી ? હોય તો, આવો મેદાનમા–જાત જણાવો ! પોતે જાતે ધર્મે અને ધંધે, જો વર્ણસંકર હોય, તેમ છતા પોતાના પાખંડધર્મનો વિરોધ કરનારી સમગ્ર પવિત્ર પ્રજાને વર્ણસંકર કહેવાની ધૃષ્ટતા કરે, તે આગળ તો અધમતાની અવધિજ સમજવી ! કહો, હવે તમારી બિભત્સ નિંદાની વધારે લીલા શું બતાવું ? જ્ઞાતિસેવક અને સુધારકને "હડકાઉ" કહેવા નીકળેલા, હાબડા દેશવાસી દગાબાજ અગારિઆને તે બીજી કંઈ ઉપમા આપવી, એજ કંઇ નથી સુઝતું ! મી ખાકી ! તમે તો શું પણ તમારા બડાદાદા ઇમામશાહથી આરંભીને આજસુધીના તમારા બધા સતપંથપ્રવર્તકોએ દુનિયાના બધા ધર્મોની બિભત્સ રીતે ઘોર નિંદા કરવામાજ જીંદગી ગુમાવી છે–અને એ બધા સોનેરી ફાગ-ફગાણાની હોળી, તમારા છુપા ધર્મશાસ્ત્રો અને ગીનાનોમા ઠામઠામ ભરેલી છે, જે જાહેર આલમને જણાવવામા આવતાજ, આખી દુનિયા તમારી દુશ્મન થઇ બેસે એવા તેમના કુકર્મો છે–અને થોડી સબુર કરો, હવે તો થોડાજ વખતમા એ બધી તમારી **પાપલીલા** અમે "**પીરાણા સતપંથની પોલ**" નામના મહાન ઇતીહાસિક ગ્રંથમા ઢોલ-નગારા વગાડીને જગજાહેર ઉઘાડી પાડીએ છીએ, પછી જગત્ તમારો કેવો સત્કાર કરે છે, તે ઠંડો જીવ રાખીને આરામથી અનુભવી લેજો, અને ત્યારેજ "તમે કહો છો કે,–"**સતપંથમાં સપુતોજ હોય છે, ત્યાં વર્ણસંકરતા નાં હોય, એ તો આપણું આપને સદા અખ્યાતુ રહે !"** એ હડહડતી ગાળનો ઘટસ્ફોટ થશે અને ખરા વર્ણસંકરો કોણ છે, તે જગતને ચોખેચોખુ દેખાઈ જશે. માટે અહીં તમારી ઢગલાબંધ બિભત્સ નિંદાનું હું વધારે પીષ્ટપેષણ કરવા ચાહતો નથી.

## સૈયદો અને કાકાઓને શિરપાવ !

મા. ખાકી ! તમે આ હેંડબીલમા સતપથી કાકાઓ તથા તમારા સૈયદ ભાઇઓની પણ બહુ સારી ઇજ્જત વધારો છો ! તમે લખો છો કે,–"નથુકાકા અને પુંજામીયા વિષયનો જે તમારો લેખ છે, તેજ ભ્રમ તમને ભૂલાવે છે ધર્મની શોધ પોતાની બુદ્ધિને સદ્દગુણો ઉપર છે ધર્મના ભોમિયા ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજીને સમજાવી શકે છે તેમા બીજાઓના આરોપો આરા માટે રાખી મુકવા, એ તમારી મૂર્ખાઇ છે !" વાહરે, મહાજ્ઞાની ખાકી ! તમે તો જાણે બીજો ઇમામશાહનો અવતાર ! હો, એવો ડોળ ઘાલીને પોતાને મહાન્ બુદ્ધિમાન્ અને સદ્દગુણી બતાવી, નથુકાકા, પુંજામિયા વગેરેને ધર્મનું શુદ્ધ સ્વરૂપ ન સમજનારા છેકજ મૂર્ખા અને નમાલા બતાવો છો કેમ ? એ લોકો કહે છે કે, "સૈયદ બાવામિયા બડો ઢોંગી છે અને કલ્પિત ઓગણીસમુ પુરાણ બનાવી, મુસલમાન થઇ હિંદુધર્મનો ડોળઘાલી દુનિયાને ઠગે છે–તે કઇ ખોટુ નથી સૈયદોમા હડહડતા જુઠાણાંના ઇજારદાર નંબર વન તો તમેજ છો, અને ઠગપોથીઓ તમેજ રચો છો -બીજા સૈયદો તો બિચારા જાહેર રીતે જણાવે છે અને કબુલ કરે છે કે, અમારો સતપંથ **દીને મહમ્મદી એટલે ઇસલામી ધર્મજ છે** આટલું પણ સાચુ બોલી, ખેરિયાતના ખીચડા ઉપર તે લોકો તો સતોષ ગુજારે છે–પણ તમારી પાખંડલીલા તો આકાશાનની સફરે મોકલી દેવા જેવીજ છે, છતા તમે એ બિચારા અજ્ઞાન અને ભોળા કાકા તેમજ સૈયદોને વગોવીને, ધર્મનુ શુદ્ધસ્વરૂપ ન સમજનારા, અભણ મૂડપંથ જણાવી, છેક ઉતારી પાડીને, પોતાની બડાઇનુ એ બેસાસુરી ભુગળુ વગાડી શા માટે ભાડભાઇની પેઠે ભવાઇ ભજવો છો ?

## વર્ણસંકરની વંઠેલી વાણી !

મી૦ ખાકી ! ઇમામશાહે તો છેવટ અહી સતપથીઓજ રહેશે, એવુ લખ્યુ છે, તે તો તમે કબુલ રાખો છો, અને પાછા પડયા પડયા પણ ટગડી ઉચી કરીને, નફટાઇથી લખો છો કે –"સ્ત્રી જારિણી બને છે, ત્યારેજ પાટીદાર કે કોઇપણ જ્ઞાતિમા, કોળી–ભીલ, લુવાર, સુથાર, મેઘવાળ, ભવૈયા, ભાડ, કાઠોડિયા ગમે તે વર્ણના પુરૂષથી પ્રજા ઉત્પન્ન કરી દે છે–એ વર્ણસકર પુત્ર સતજ્ઞાની (સતપથનો) ન થાતા જારી પુરૂષના ગુણવાળો થાય છે, એવી વર્ણસકરતા વધી પડેથી ફક્ત અહી ધર્મીજ રહેશે" એટલે તમારા નાશકારક પાખંડ–પંજામાથી છૂટા થઇને સત્ય અને નીતિના પવિત્ર ધર્મમા જે કોઇ જાય, તે બધાને તમે આવી મા સામી નાગી ગાળ દેતા લજાઇને બૂડી મરતા નથી ? ખરા વર્ણસકર કોણ છે, એ તો ઉપર અમે તમને ઝગમગ પ્રમાણોસહિત સ્પષ્ટ બતાવીજ દીધુ છે–તે જોઇએ તો ફરીથી જોઇ લેજો

## રાક્ષસોની ઓળખાણ !

મી ખાકી તમે, કહોછો તેમ આગલા જમાનાના દ્વાપરયુગમા રાક્ષસોની ઓળખાણ મુખની દુર્ગંધથી થતી હશે, પણ આ યુગમા તો મુખની અને કલમની વાણી ઉપરથીજ થાય છે– તમે અને તમારા સતપથે (સતપથના શાસ્ત્રોએ) જે નીચ વાણી અને નીચ નીતિરીતિ ધારણ કરી રાખેલી છે, તેજ ચોખુ બતાવી આપે છે કે ખરા રાક્ષસ કોણ છે ? મિયાભાઇ ! લાંબો વિચાર કર્યા પહેલા, પોતે હોઇએ, તેવાજ બીજાને ન જાણીએ અને ન કહીએ

## ખાલી બકુકનો ખાલી ધડાકો !

મી૦ ખાકી, વળી તમે લખો છો કે "કુટણમુડી ખૂણે રવે" એ વાત તમારા આગલા ઇમામોનો બધો ઇતિહાસ વાચો, એટલે તરત તમને દીવા જેવી સમજાઇ જશે, કે કેટલી "કુટણમુડીઓને રડવાનો વખત આવ્યો હતો બાકી–" ખાલી બદુક પોતાની મેળે ફૂટી, જેથી અગ્નિ થઇ ચાર

પાચ માણુસો બળીને ભસ્મ થઇ ગયા !" એવા હડહડતા ગપગોળા તો બાળકોને સંભળાવજો આ જમાનામાં તમારી એવી નીચ બનાવટોને કોઇ નહી માને તમેજ ખાલી બંદુક ફોડી બતાવો અથવા તમારા પૂર્વજોની ટહાડાપોરે ચલાવેલી તોપોની પેઠે, લોખંડના તપાવેલા તવા ઉપર ચ્હડીને તમારી સત્યતાનો પરચો દેખાડી ખાત્રી કરી આપો, તોજ અમે માનીએ કે ખાલી બંદુક ફૂટી ખરી !

## રાંડીરાંડના છાજીયા !

મી૦ ખાકી વળી આગળ પોતાની જાત જણાવવાને લખે છે કે, વગરભરેલી ખાલી બંદુક ખુણે ઉભી ઉભીજ ફુટે ! તેથી આગ લાગી ૪-૫ માણસોનો ભોગ લે ! એ શું ઓછું પ્રમાણ છે ! **તેમજ તમો મૂવા, તમારા અધ્યા-કાળાં મોઢાં થયાં, અને વાયરો નીકળી ગયો !"** કોઇ રખડુ રાંડીરાંડની કે વંઠેલી પાતરની પેઠે આવી બાયલી ગાળો બોલવામાંજ બાવામીયા ખાકીનું જ્ઞાન અને ડહાપણુ પગલે પગલે ઉભરાઇ રહ્યું છે ધન્ય છે, ધર્મઢોંગીઓના કમનસીબ માતા પિતાને ! કે છેવટે તેમણે આવા જ રત્ન આ જગતમાં ઉત્પન્ન કર્યાં !

## બરાબર જાત જણાવી !

છેવટે સતપંથનો ઢોલ પીટીને મી૦ ખાકી લખે છે કે,–" બિચારાને જવાબ દેતા ના આવડયો, જેથી ગાળો ભાંડીને પોતાનુ ડોળ દેખાડી દીધું છે " બરાબર આ લખવા જેવું જ ઉપર જણાવ્યા પ્રમાણે એ ખુરેલ ખટપટીઆ ખાકીએ કરી બતાવી જેનુ ખાધું તેનું ખોદીને, ખાઇ બગાડયુ છે અમારા લાંબા લેખોમાના એકેનો ઉત્તર તો આજસુધી હજુ નથી અપાયો, છતા રાંડની પેઠે છાજીયા લઇને ફોકટ છાતી તોડી નાખી છે, એનોજ અમને વધારે અફ્સોસ થાય છે

## ખાકીનો ખરો ખુલાસો.

**"અંધશ્રદ્ધાળુઓને યુકિતબાજો અને ધૂર્તો મળે છે; તેથી બેભાન બની સ્વધર્મનું ભાન ભૂલી, ધૂર્તના નાદ ઉપર મોહી પડી, પોતાનુ સર્વસ્વ ગુમાવી દે છે, ત્યાં સુધી કે ધર્મના અગ્રગણ્ય મહાપુરૂષોનાં વચનો ઉપરનો પ્રેમ ફેરવી, ધૂર્તોએ રમાડેલી રમત ઉપર દોરાઇ જાએ છે"** ખજાનચે ખૂમી મી૦ ખાકી ! ઉપરના તમારા સોનેરી વચનો તો આબાદ તમારા સઘળા સતપંથ-પ્રવર્તકોને, સતપંથી કાકાઓ તેમજ સૈયદોને ઇચે ઇંચ લાગુ પડે છે. આવા અંતરના સાચા ઉદ્દગારો બહાર કહાડી, પોતાના પાપોને ઉઘાડા પાડવા અને કબુલ કરવા માટે તમને ખરેખર ધન્યવાદ ઘટે છે ! ઘણું જીવો અને કુટિલતા કબૂલ કરતા રહો, બીજુ તમને અમે શું કહીએ ?

## છેવટની અરજ.

અંતમાં લખવાનું કે, બાવા ઇમામશાહના નવા અવતારના ઢોંગધારી સૈયદ ખાકી ! મને તો તમારી ગાળો વાંચી-સાંભળીને હસવુંજ આવે છે કે, એ રીતે પણ તમારી ગલીચ વાણીથી તમેતો અમારા પાપજ ધોઇ રહ્યા છો, પણ મને એટલોજ ભય રહે છે કે, એ ગલીચ ગાળો ન સહન થવાથી, જો કોઇ બીજો ધર્મચુસ્ત હિંદુ તમારી બરાબર ખબર લેવાને બહાર પડશે, તો તમારા પીરાણાના પ્રપંચી પરચાઓનો મ્હોટો પહાડ પણ તમને બચાવી કે સંઘરી નહીંજ શકે-માટે ગુન્હાની તોબેશ કરી, કરેલા કુકર્મોની માફી માગી, હજુ પણ બાકી રહેલી જીંદગીના મેલ-પાપ-ધોઇ નાખીને માલીકના વ્હાલા થાઓ અમે ઇચ્છીએ છીએ કે, ઇશ્વર તમને છેવટે સદ્દબુદ્ધિ આપે.

લી૦ શત્રુમિત્ર સર્વનો હિતચિન્તક, સ્વધર્મ અને સ્વજ્ઞાતિને સમર્પિત
સેવક નારાયણજી રામજીભાઇ કોન્ટ્રેકટર.
( કચ્છવીરાણીવાળા ) હાલ ઘાટકોપર ( જીલ્લો થાણા )

# પીરાણા "સતપંથ" નો રસીક અને રહસ્યભર્યો મહાભારત ભેદી ઈતિહાસ!

## હિન્દુભાઈઓને છળવા તેમજ વટલાવવાનું એક મહાન પ્રપંચી, અને ભયંકર કારસ્થાન!

### પ્રિય હિંદુભાઇઓ! આ વાંચો, ચેતો અને જાગૃત થાઓ!

## પીરાણા સતપંથની પોલ!

કહેવાતા પીરાણા ઇમામશાહી કબ્રસ્તાની અર્ધદગ્ધ ખીચડીઆ સતપંથનો છૂપો ઇતિહાસ! અનેક વરસોની મહેનત, અને શોધ-ખોળ, છૂપા ગુપ્તપંથી પુસ્તકોના સાધન અને હજારોના ખર્ચે તૈયાર કરેલો એક અમૂલ્ય ભેદભરેલો મહાન્ ગ્રંથ! અદ્‌ભુત વારતા, નવલકથા, નાટક, કાવ્ય કે ઇતિહાસના રસિક વૃતાંતો કરતા પણ વધારે રસીક, અદ્‌ભુત અને ભેદી બનાવોથી ભરપૂર! સત્યઘટના, લિખિત પુરાવા, શાસ્ત્રો અને કોર્ટના અનેક પ્રમાણો, તેમજ જાતિ અનુભવથી તૈયાર કરેલું સુંદર સચિત્ર—નવુંજ પુસ્તક!

## પીરાણા સતપંથનું વિચિત્ર પુરાણ!

જ્યારથી મહમદ ગીઝનીએ હિંદ ઉપર ચ્હડાઇ કરીને, હિંદુ મંદિરો, મૂર્તિઓ તેમજ આર્ય-ધર્મના નાશને માટે અત્યાચારની તલવાર ઉઠાવી, ત્યારથી આજસુધી એટલે લગભગ એક હજાર વરસો થયાં હિંદુધર્મના અંતરજગતમાં કેટલાક મતલબી સૈયદો, ફકીરો અને નામધારી પીરોએ કેવા કેવા પ્રપંચ-યુક્તિ-પ્રયુક્તિ અને દાવ-પેચથી, શામ-દામ-દંડ ભેદની-ચારધારી છલ-નીતિથી, હિંદુધર્મ અને હિંદુ-જાતિને નષ્ટ કરી, પોતાનો બનાવટી કપોળકલ્પિત પોકળ પંથ ફેલાવવાના ચમત્કારોની વાતો જોડવી છે, તેમજ સ્વર્ગ-ભેસ્તની લાલચો આપી ભોળા લોકોને લૂંટી ખાવાને ઠામ ઠામ કેવા ઠગા-ઇના થાણા જમાવી, પોતાનો પાપી પેશો ચલાવવાના ગજબ જેવા મહાન ષડયંત્રો ગોઠવ્યા છે, તેનો રોમાંચક અને શબ્દે શબ્દ સાચો ભેદી ઇતિહાસ જો વાંચવો હોય, તો આ એકજ પુસ્તક ખરીદો

### ઇશ્વરી અવતારોની બનાવટી કથા!

એ નવીન હિંદુધર્મને નામે, વૈદિકધર્મનું એક કપોળકલ્પિત નામ ધારણ કરી, અરેબિયન નાઈટસના કિસ્સા જેવું ગપગોળાનું બનાવટી ખોખું ઉભું કરીને, તેમાં હિંદુ દેવદેવીઓ તથા બુદ્ધદેવને અને ઇસલામી ઇમામોને એક સાથે ગોઠવી દઇને, નુરસતગોર, પીરશમ્સ, પીર સદરદીન, કબી દીન ઇમામશાહ વગેરે પ્રપંચી પાત્રોએ રચેલી અદ્‌ભુત ઇંદ્રજાળ! અમીની ગોળી, બાવાનો પ્રસાદ, પાવન કરનારો છાંટો, ભેસ્તની હુંડી-સ્વર્ગની રજાચીઠી,-પીરાણાની જાત્રા, ગંગવો કુવો અને કાકા તેમજ મુખીઓની રસભરી અલબેલી રાસ-લીલા! વગેરે વાંચી વાંચીને હસો.

### નકલંકી અવતારની એક અદ્‌ભુત નવી રચના!

" હિંદુ પુરાણોમાં જણાવેલો ઇશ્વરનો દશમો અવતાર, જે કલિયુગ પૂરો થયેથી થવાનો જણાવેલો છે, એતો અરબસ્તાનમાં ઇમામ રૂપે પેદા થઇ પણ ચૂક્યો છે! બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે તો આ વખતે મ્લેચ્છના ઘરમાં અવતારો લઇને નવી લીલા કરેલી છે!" એવી ઠગાઇનો રસીલો હેવાલ!

## [illegible] કાકાઓની [illegible]!

[illegible]-સિંધ-કચ્છ-ગુજરાત-ઉત્તરહિંદમાં ઠેકઠેકાણે ખાના અને જમાતો સ્થાપીને, [illegible] અને ગુપ્ત રીતે સેવકોની ગતગંગા વહેવરાવી, ઘટ-પાટ-ગાયત્રી અને કલમા-નિમાજ તથા [illegible] [illegible] કર્યું જગનો ખીચડો બનાવી, લાખો હિંદુભાઈઓની આંખે પ્રપંચના પાટાઓ લગાવીને, [illegible] રીતે તેમને વટલાવવા તેમજ ઠગવામાં આવે છે, અને દશોંદ વીશોદ, ખુમ્સ, ખેરિયાત વગેરે બહાને, લાગા-લગવા-કર અને જમાતના લાકડાંઓ ઘુસાડી તેમને ખોટી લાલચે કેવી રીતે નીચોવી, નીચોવીને પાયમાલ કરવામાં આવે છે, તેના અદ્ભુત પ્રસંગો, પ્રમાણો અને પરચાઓ વાંચો!

સૈયદોથી રાત્રે પાટ બીછાવી બજવાતા આ નાટકનું, અંધારી દીવાલો વચ્ચે છુપાઈ રહેલું અલભ્ય હજારો રૂપિયા ખર્ચતા પણ મળી ન શકે એવું, સંપૂર્ણ સાહિત્ય! મહોર, નગુવત, રોજા [illegible] પીરાણાના સુંદર સપ્તરંગી ચિત્રો અને તેમનો ભેદી ઈતિહાસ! ગુરનામું, બાજનામું-[illegible]નામું-નાદેઅલી, પીરશાહનો પાઠ, તેયબનો કલમો, દશ અવતાર, ક્રિયાઓ, [illegible]-ઘાટ, બુદ્ધાવતાર, મૂલબંધ, દશતરી ગાયત્રી, બનાવટી સંધ્યા વગેરે અનેક ગોઠવી [illegible] વિચિત્ર ગ્રંથોના ચોકડાથી ઉભા કરેલા, પીરાણા સતપંથ, નકલંકી, ગુપ્તપંથ, વગેરે [illegible] છુપા ધર્મોનો સીલસીલાબંધ મહત્વનો મહાભારત ઐતિહાસિક ભેદી ગ્રંથ!

આ એકજ ગ્રંથ વાંચવાથી હિંદુધર્મને અનેક રીતે હાનિ પહોંચાડનાર, અને ભોળા હિંદુ-[illegible]ઓને મહાન્ પ્રપંચોથી ફોસલાવી, લલચાવી-પ્રપંચજાળમાં પકડી, વટાળીને ભ્રષ્ટ કરી, ધન-ધર્મ [illegible] તેમજ સન્માનનું પણ હરણ કરી, હિંદુધર્મના દુશ્મન બનાવનારા, કરપીણ કારખાનાઓની કુટિલ કળાઓનો તાદૃશ્ય ચિતાર આંખો સામે ખડો થશે!

દુનિયાની સપાટી ઉપર અનેક ધર્મોઓને ઠગાઈથી વટલાવવા માટે કેટલાક મહાન્ ભેજામાંથી ઉપજાવેલું એક પ્રત્યક્ષ બહેસ્ત (ભેસ્ત), તેના ભેદ-ભરમો અને ભોગવિનાસના પ્રપંચ પડદાઓ!

ઉપરના બધા ધર્મોની ઉત્પત્તિ અને આજસુધીની સ્થિતિ, તથા જન્મથી મરણપર્યંત એ ધર્મના સેવકો અને અનુયાયીઓને કરવાની ક્રિયાઓ તેમજ જગતને ઉંધે રસ્તે ચડાવવાની યુક્તિઓ, હિન્દુઓને ધર્મદ્રોહી, દેવદ્રોહી જ્ઞાતિ અને દેશદ્રોહી બનાવનારી એક ભીષણ જાળ! ખાના કે રૂહની કતલગાહ! તેના અદ્ભુત પરચાઓના રદીઆ અને સતપંથની ખામીઓ વિગેરે અનેક કલિલીલાઓનો અદ્ભુત ચિત્રપટ!-તેમજ કાકા અને મુખીઓના જુલમ-દુરાચાર તેમજ પ્રપંચોનું પોગળ, વાંચી વાંચીને તમો જરૂર અજબ બની જશો. આ પુસ્તકનું કદ રૉયલ આઠ પેજી (મ્હોટાં પાનાં) લગભગ ચારસો થશે. ગ્લેઝડ ચીકણા કાગળ, સુંદર ચિત્રો, જંતર-મંતર અને વંશાવળીના કોઠાઓ, પ સોનેરી પૂંઠું અને સવિસ્તર ભૂમિકા તેમજ અનુક્રમણિકા આ મહાન ગ્રંથ હજારોના ખર્ચે તૈયાર કરેલો હોવા છતાં, ધર્મસેવા અને જાતિસેવાના હેતુથી તેની પડતર કિંમત ફક્ત રૂા. ૩) રાખવામાં આવી છે થોડાજ વખતમાં બહાર પડશે! અગાઉથી ગ્રાહકો થઇ પૈસા ભરનારને પોસ્ટ વી. પી ખર્ચ માફ. જલ્દી નામો નોંધાવો-ગ્રાહક પુરતાજ પુસ્તકો છપાતા હોવાથી, પછી વખતે નહીં મળી શકે, તો પસ્તાવું પડશે

લખો-પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રેક્ટર.

કચ્છ વીરાણીવાળા-હાલ ઘાટકોપર, (જીલ્લો થાણા